તલોદમાં નાગણેશ્વરી માતાજીના મંદિરે આઠમનો હવન કરાયો

તલોદ,તા. ૨૮

તલોદમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી નાગણેશ્વરી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રી છેલ્લા પંદર વર્ષથી ધામધૂમથી ઉજવાય છે. નવરાત્રીમાં અસંખ્ય લોકો માતાજીના મંદિરે દર્શનાર્થે ઉમટી પડે છે. મંદિરના મહંત જીભુસિંહ રાઠોડ માતાજીના પૂજા-અર્ચના કરી અસંખ્ય લોકોને મનવાંચ્છીત ફળ પ્રાપ્તી માટે બાધા આખડીઓ આપી સફળતાની માનતા પૂર્ણ કરાવે છે. ભાવિ ભક્તો મોટી સંખ્યામાં હાજરી આપે છે અને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

દર વર્ષે ચૈત્રી નવરાત્રી આઠમનો હવન યજમાન પદે મિલનભાઈ મોદી વતી કરવામાં આવે છે. જ્યારે પુજારી તરીકે વિવેકભાઈ રાવલ મંત્રોચ્ચાર કરી મહાયજ્ઞ આરંભે છે. આઠમના હવનની પૂર્ણાહુતિ બાદ મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટેલા દર્શાનાર્થીઓ મહાપ્રસાદ લઈ મંદિરના મહંત જીભુસિંહ રાઠોડ દ્વારા માતાજીના દર્શનાર્થે લાંબી કતાર લાગી જઈ ધન્યતા અનુભવે છે.

નવ દિવસ સતત મોડી રાત્રી સુધી રાશ-ગરબાની રમઝટ બાદ દસમા દિવસે અબીલ-ગુલાલ અને નાચ-ગાન સાથે માતાજીને વલાવવામાં આવે છે. તેમજ ગાંધીનગર અમદાવાદ અને કચ્છ અને કાઠીયાવાડ અને રાજસ્થાન, મહારાષ્ટ્રમાંથી અસંખ્ય ભાવિ-ભક્તો માતાજીના દર્શન કરવા ભક્તો અને શિષ્યો ઉમટી પડેછે. ઘણીજ મોટી સંખ્યામાં માતાજીની વધામણી અને પૂર્ણાહુતિ મહાઆરતી સાથે કરવામાં આવે છે.

પાલનપુર શહેરમાં મર્યાદા પુરષોત્તમ ભગવાન રામની રામ જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં આવેલ રામજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી નીજ મંદિરે પહોંચી હતી. ત્યારબાદ ભગવાનની મહા આરતી કરી પ્રસાદ વિતરણ કરવામાં આવ્યુ હતુ. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

તલોદમાં દેશી-વિદેશી દારૂની હાટડીઓ ધમધમી ઉઠી પોલીસ વહિવટદારોને ઘી-કેળા

તલોદ, તા. ૨૮

રાજ્યના પોલીસ બેડામાં ઉચ્ચ અધિકારીઓની બઢતી બદલીના દોરમાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને ગાંધીનગર રેન્જ આઈ.જી. પણ બદલાયા છે. અને આ રેન્જ આઈજીએ પદભાર સંભાળતા જ પોતાની રેન્જમાં થતી દારૂની બદીને ઝડમૂળથી ડામવા કડક હાથે કામ લીધુ છે જેથી થોડાક સમય માટે તલોદ ખાતે દારૂનું વેચાણ સદંતર બંધ થઈ ગયું હતું. જે પ્રત્યાઘાત સ્વરૂપે કેટલીક મહિલાઓએ આવા એક ઈમાનદાર અધિકારી માટે ભગવાન પાસે આશીર્વાદ કાયમી સત્તા માટે માગ્યા હતા.

ગાંધીનગર વિભાગના રેન્જમાં આવતા જિલ્લાઓમાં રેન્જ આઈ.જી. હસમુખભાઈ પટેલ દ્વારા દેશી-વિદેશી દારૂ તથા અન્ય ગુનાખોરી ડામવા ગંભીરતાથી પગલા લઈ રહ્યા છે. જેથી તમામ સ્થળોએ દારૂનું વેચાણ અટકી જવા પામ્યુ હતુ. થોડાક સમય પહેલા સાબરકાંઠા જિલ્લાના લોક દરબાર યોજી જિલ્લા અધિક્ષક પી.એ.માલની ઉપસ્થિતિમાં પ્રજાજનો દ્વારા દારૂબદી સદંતર દૂર કરવાની માંગને કડક હાથે આદેશ પણ કરાયો હતો. પરંતુ તલોદ પોલીસ બેડામાં કેટલાક વહિવટદારો પોતાની આગવી ચુઝ બુઝથી હજુંય કેટલીય જગ્યાએ દારૂની હાટડીઓ ધમધમતી રાખી પોતાના હાથની વલુર મસ મોટા હપ્તાઓથી ચાલતી હોવાનું કેટલીય મહિલાઓ જણાવી રહ્યા છે. આવા ભ્રષ્ટ કર્મીઓની કામગીરીથી રેન્જ આઈ.જી.ની સરાહનીય કામગીરીમાં ગ્રહણ લાગી ગયું હોવાનું પણ જાણવા મળ્યું છે.

જો કે કેટલીક તલોદની મહિલાઓએ રેન્જ આઈ.જી.ને લેખિતમાં હજુય વેચાતા દારૂનું વેચાણ અંગે અચાનક રૂબરૂ તપાસની માગણી કરી હોવાનું પણ જણાઈ રહ્યું છે. મહિલાઓ, બાળકો અને યુવાધન ગેરમાર્ગે દોરાતા તલોદના કેટલાક જાણીતી દારૂ હાટડીઓમાં વેચાતા દારૂબંધીનો સદંતર દૂર કરવા અને આવા વહિવટદારોને બદલવા અંગે પણ ખાનગી વચોટીયાઓ ઘી-કેળા હોવાનું પણ જણાઈ રહ્યું છે. વહિવટદારો દ્વારા દારૂના વેચાણ અંગે અજાણ હોવાનું પણ કેટલાક લોકો ચલાવતા બળાપા કરતી મહિલાઓ યોગ્ય કરવાની માંગ કરી રહી છે.

શબ્દાવલી - ૫૬૮૪

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮			
	■	૯			■	૧૦	
	■		■	■	૧૧	■	■
■	૧૨	■	૧૩				૧૪
૧૫			■	■		■	
૧૬		■	૧૭	■		■	
૧૮				■	૧૯		

આડી ચાવી

૧. તમીઝ વિનાનું (૫)
૫. વૃદ્ધાવસ્થા, થોડુંક (૨)
૭. કળા, આવડત (૩)
૮. શંકા કરવાપણું (૪)
૯. સૂર્ય, રવિ (૨)
૧૦. વહુ, પત્ની (૨)
૧૩. સૌરાષ્ટ્રનું એક શહેર (૫)
૧૫. દૂધની એક વાનગી (૩)
૧૬. કાપીને મારી નાખવું તે(૨)
૧૮. અધમ કૃત્ય કરનાર માણસ (૪)
૧૯. સરોવર કે નદીમાંથી ખોદેલે મોટો કાંસ (૩)

ઊભી ચાવી

૧. જુદ્ય જુદ્ય રુપ લેનાર (૪)
૨. દિવસ (૨)
૩. ઝોળી, પેટ (૪)
૪. અંતરાત્મા, સ્વમાન (૩)
૫. ભીડ, જમાવ, ભરાવો (૩)
૬. રક્ષા, બહેનભાઇને હાથે બાંધે તે (૩)
૧૧. મનને ગમે તેવું (૫)
૧૨. ધરા, ધરતી, જમીન (૪)
૧૪. રહેનાર, રહેવાસી (૪)
૧૫. '૫૨' નો અંક શબ્દમાં (૩)
૧૭. ખાવાની વસ્તુ, બાળ ભાષામાં (૨)

શબ્દાવલી ૫૬૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) મલેરિયા (૩) આવન (૬) કમકમી (૭) સમર (૮) રવેશ (૧૧) નીણ (૧૩) રમણીય (૧૪) નર (૧૫) નવિન (૧૬) કરણ (૧૭) પગરવ (૧૯) પરખ (૨૦) તમસ

ઊભી ચાવી :- (૨) મનોહર (૨) રિક્ત (૩) આમરણ (૪) વક (૫) નમી (૬) કમનીય (૯) વેરવિખેર (૧૦) શમન (૧૨) કારણ (૧૪) નવરસ (૧૬) કરમ (૧૮) ગત

ગાંધીનગરમાં છુટા પૈસાની આડમાં છેતરવાની પ્રવૃત્તિ

રૂપિયા એકના બે અને રૂપિયા બેનો એક સિક્કો ચોંટાડી પાંચ રૂપિયા કરવામાં આવે છે : છુટા પૈસાની મારામારીમાં દુકાનદારો પણ કુપનો પકડાવે છે તેમજ ચોકલેટ કે ભગતની પડીકી પકડાવી દે છે

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં છુટ્ટાની રામાયણ ખુબ જ છે. રામાયણમાં કિમિયા બાઝો પોતાના કિમિયા અજમાવી છેતરી રહ્યા છે. છુટ્ટાના કારણે સવારમાં દૂધવાળા સાથે, દિવસ દરમિયાન રીક્ષાવાળા સાથે અનેક જગ્યાએ ભાંજગડ કરવી પડે છે. નગરમાં ચિલ્લરની અછતને કારણે લોકો એક સાથે ત્રણ સિક્કા જોડે ચોંટાડી અછત દૂર કરવાની અને લોકોને મૂર્ખ બનાવવાના પેંતરા રચી રહ્યા છે. બેંકોવાળાઓએ આ બાબતે ધ્યાન આપવા જેવું છે.

ગાંધીનગરમાં છુટ્ટા પૈસાની ખુબ જ તંગી છે. દુકાનથી લઈને રીક્ષાવાળા સુધી છુટા પૈસા માટે માથાકુટ કરતા નજરે પડે છે ત્યારે બેંકવાળાએ તો વિચારવા જેવું જ છે. પરંતુ હવે તો નાગરિકોને પણ વિચારવું પડશે. છુટા પૈસાની આડમાં લોકોને મૂર્ખ બનાવવાના પેંતરા રચવામાં આવી રહ્યા છે.

હાલમાં જ રિઝર્વ બેંક દ્વારા રૂપિયા બે અને રૂપિયા એકના સિક્કા બહાર પાડવામાં આવ્યા છે. પરંતુ આ સિક્કાની સાઈઝમાં થોડોક ફેરફાર છે. કયારેક રૂપિયા એકનો સિક્કો રૂપિયા બે જેવો જ દેખાય છે ત્યારે નીરખીને બે વખત જોવું પડે છે કે આ રૂપિયા એકનો સિક્કો છે કે બે નો.

સિક્કાની સાઈઝનો લાભ ધૂતારાઓ કરી રહ્યા છે. એક સાથે ત્રણ સિક્કાને ચોંટાડી ઉપર ટ્રાન્સપરન્ટ ટેપ ચોંટાડવામાં આવે છે. જેનું મુલ્ય પાંચ રૂપિયાનું કરવામાં આવે છે. સામાન્ય રીતે રૂપિયા બેના બે અને રૂપિયા એકનો એક સિક્કો તો સરવાળો કરીએ તો પાંચ થાય. ત્યારે અહીંયા રૂપિયા એકના બે અને બેનો એક સિક્કો ચોંટાડી પાંચ રૂપિયા કરવામાં આવી રહ્યા છે જેથી સીધે સીધા એક રૂપિયાનો ફાયદો થાય.

છુટા પૈસાની અછત બેંકો નિવારી શકતી નથી અને તેના કારણે

જ ધૂતારાઓ આવા કિમીયા કરવામાં સફળ રહે છે. આ ત્રણ સિક્કા ઉપર ખુબ જ ટેપ ચોંટાડવામાં આવે છે. નાના હથિયાર વિના ખોલવું મુશ્કેલ બની જાય છે. જુવાન યુવક પણ હાંફળો ફાંફળો બની જાય તો બુઝુર્ગ વ્યકિતતો ખિસ્સામાં નાખી ચાલતી જ પકડવાનો.

બેંકોએ છુટા પૈસા બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ નહિ તો આવા લે ભાગુ તત્વો આવા પેંતરા રચતા જ રહેશે. અગાઉ પણ રૂપિયા પાંચ, બે અને એકની નોટ પ્લાસ્ટીકમાં પેક કરવામાં આવતી હતી અને ત્યારે પણ નોટનો એક ટુકડો લોકોને પધરાવવામાં આવતો હતો જેમાં કેટલાય લોકોને રોવું પડતું હતું.

દુકાનદારો પોતાની બનાવેલ કુપનો પકડાવે છે

છુટા પૈસાની મારામારીમાં દુકાનદારો પોતાની બનાવેલ કુપનો રૂપિયા સ્વરૂપે આપતા થઈ ગયા છે. જે અર્થતંત્રને પણ ડહોળી શકે છે. સવાર સવારમાં દૂધવાળા પણ છુટા પૈસા વિના દૂધ આપવાની ના પાડી દે છે. ગાંધીનગરમાં અનેક લોકો છુટા પૈસાની આડમાં ન લેવી હોય તો પણ ચોકલેટ કે ભગતની પડીકી પકડાવી દે છે. શહેરના સિનિયરો પણ અનેક વખત રજૂઆત કરી ચુકયા છે ત્યારે હવે આ બાબતે તંત્ર કયારે જાગે તે જોવાનું રહે.

ખેડબ્રહ્માની બે શાળાઓને પુરસ્કાર

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મા ની રામજીબાપા કચ્છ કડવા પાટીદાર કન્યા વિદ્યાલય અને દામાવાસની એન.પી. ધોળુ જ્ઞાનતીર્થ વિદ્યાલયને શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવવા બદલ મુખ્યમંત્રીના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ પુરસ્કાર અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવવા બદલ તાજેતરમાં ગાંધીનગર ખાતેના મહાત્મા મંદિરમાં યોજાયેલ સમારંભમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે બંને શાળાના આચાર્યોને રૂ. ૫૦૦૦૦નો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પુરસ્કાર મળવા બદલ શાળાના પ્રમુખ-મંત્રી-કારોબારી સભ્યો સહીત શાળા પરિવારમાં આનંદની લહેર પ્રસરી જવા પામી હતી અને સૌને બિરદાવવામાં આવ્યા હતા.

જલારામ મંદિરે રક્તદાન અને દંત ચિકિત્સા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. દંત ચિકિત્સા અને રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં નાગરિકોએ તપાસ કરાવી હતી.

ગાંધીનગર સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે રામ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. રામ જયંતિ નિમિત્તે દર્શનાર્થીઓને લાભ મળે તે માટે દંત ચિકિત્સા અને રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. દંત ચિકિત્સામાં ડૉ. પાર્થ કાપડિયાની ટીમ દ્વારા ૬૦ થી વધુ દર્દીની તપાસ કરી જરૂરી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રક્તદાન શિબિર દરમિયાન નાગરિકોને રક્તદાનનું મહત્વ અને તેની ઉપયોગીતા વિશે ખ્યાલ આપવામાં આવ્યો હતો. રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં દર્શનાર્થી આવનાર દર્દીઓને રક્તદાન કરી મહાદાન કરવાની ધન્યતા અનુભવી હતી. બન્ને શિબિરમાં જલારામ સેવા સમાજના સભ્યોએ ખૂબજ સહકાર પુરો પાડ્યો હતો.

કારોલીમાંથી ગુમ થયેલ યુપીનો યુવાન

સાંતેજ, તા.૨૮

સિંગલ કંપની, કારોલી પાટીયા, તા.કલોલથી અતિખાન સફીખાન પઠાણ રહેતો હતો. જે તા. ૭મી માર્ચથી ગુમ થયેલ છે. મુળ રહેવાસી બમની ચોકી, જલાલાબાદ, ઉત્તરપ્રદેશનો છે. હિન્દી ભાષા જાણે છે. ૫ ફુટ ૫ ઈંચની ઉંચાઈ ધરાવે છે. તેમ સાંતેજ પોલીસ સ્ટેશને જણાવેલ છે. જે કોઈને માહિતી હોય તેમણે જાણ કરવી.

કલોલની યુવતી ગુમ

કલોલ, તા.૨૮

સાંતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ ફાલ્ગુનીબેન પુનમભાઈ ગલાભાઈ રાઠોડ વણકરવાસ કલોલના તા. ૧૨મી માર્ચના રોજ ગુમ થયેલ છે. શરીરે પાતળા બાંધાના છે. ઘઉંવર્ણ, મોઢું ગોળ છે. ગુજરાતી ભાષા જાણે છે. અને શરીરે લાલ કલરનું ટોપ તથા લાલ બાંધણીનો દુપટ્ટો પહેરેલ છે તથા જાંબલી કલરનો પાયજામો પહેરેલ છે. કોઈને જાણ હોય તો સાંતેજ પોલિસ સ્ટેશને જાણ કરવા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.કે. ચારેલે જણાવેલ છે.

વડાગામમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જિલ્લાના વડાગામમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા ખાસ ઉપસ્થિત રહ્યા અને ગ્રામજનો સાથે વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે ચર્ચાઓ કરી હતી. આ લોકસંવાદ સેતુ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, ધનસુરા પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ, ગામના સરપંચ ડે. સરપંચ હાજર રહ્યા હતા અને ગ્રામજનો તેમજ પોલીસ વચ્ચે નિકટતા વધે તે અંગે વિવિધ પ્રશ્નો તેમજ ટ્રાફિક, દારૂબંધી, ચોરી, જેવી સમસ્યાઓનો નિકાલ લાવવા પણ ચર્ચાઓ કરી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ)

ભક્તિપૂર્ણ ઉજવણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહાદેવ, સે. ૧૬ના સોમનાથ મહાદેવ ખાતે તેમજ વાવોલના રામજી મંદિર ખાતે રામનવમીની પરંપરાગત ઉજવણી કરાઈ હતી. શહેરના હનુમાનજી મંદિરોમાં સુંદરકાંડના પાઠના આયોજન કરાયા હતા. તમામ સ્થળે ઉજવણીમાં શ્રદ્ધાળુઓએ ઉલ્લાસપૂર્ણ માહોલમાં ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. ઠેર ઠેર હોમહવન અને નવા શુભારંભો અંગેના કાર્યક્રમો યોજવામાં આવ્યાહતા.

ભારતીય પૌરાણિક માન્યતા મુજબ ત્રેતા યુગમાં ભગવાન રામનો જન્મ થયો હતો. જેને આશરે ૨૧૬૬ હજાર વર્ષ થયાં છે. ભગવાન રામે પિતાના વચનની પૂર્તિ માટે પત્ની અને ભાઈ સહિત ૧૪ વર્ષનો વનવાસ સ્વીકાર્યો હતો અને અસત્ય અને અસુરી શક્તિઓ સામે યુદ્ધ લડીને સત્યનો વિજય મેળવ્યો હતો. તેમના દ્વારા ચલાવાયેલ રાજવહીવટને મોટો આદર્શ માનવામાં આવે છે અને રામ રાજ્યમાં દરેક વ્યક્તિને ન્યાય મળતો હતો તેમજ સમૃદ્ધિ અને નીતિ થકી પ્રજાજનોએ સુખાકારી ભોગવી હતી. ભગવાન રામને હિંદુઓ તેમના આરાધ્ય દેવ તરીકે પૂજે છે અને સાથે તેમના પરમભક્ત હનુમાનજીની પણ ભારે શ્રદ્ધાપુર્વક પૂજા કરવામાં આવે છે. ભગવાન રામના જન્મ દિવસ ચૈત્ર સુદ-૯ને રામનવમી તરીકે દેશભરમાં ઉત્સાહથી ઉજવવામાં આવે છે.

પતિની અરજી રદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પત્ની માનસિક બિમારીથી પીડાતી હોવાના આધારે છૂટાછેડા મેળવવા પતિએ ગાંધીનગરની ફેમિલિ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં સામેવાળાના વકીલ તરીકે શંકરસિંહ એસ. ગોહીલ તેમજ પ્રવિણસિંહ ગોહીલ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. જે દલીલોના અંતે ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ જજ ડી.ડી. સોનીએ છૂટાછેડાની અરજી રદ કરી આ કેસમાં અરજદારને તેની પત્નીને રૂ. ૧૦ હજારનો ખર્ચ ચુકવવા આદેશ કર્યો છે.

બનાસકાંઠા જિલ્લા તેલીબીયા સંઘને બનાસ ડેરી સાથે જોડવાનો હુકમ રદ

પાલનપુર, તા. ૨૮

ધી બનાસકાંઠા જિલ્લા તેલીબીયા ઉત્પાદક સહકારી સંઘને ધી બનાસકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ સાથે જોડી દેવા તેલીબીયાં સંઘ દ્વારા તા. ૯ ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ પૂર્વ મંજુરી આપવાનો હુકમ કર્યો હતો. જેની સામે વડગામ તાલુકાની કેટલીક તેલીબીયાં ઉત્પાદક સહકારી મંડળીઓએ કૃષિ અને સહકાર વિભાગના નાયબ સચિવ સમક્ષ અપીલ કરી હતી. જેના સંદર્ભે સચિવે જિલ્લા તેલીબીયાં સંઘના હુકમને રદ કરતો હુકમ કરતાં ખળભળાટ મચી ગયો છે.

બનાસકાંઠાના જિલ્લા તેલીબીયાં ઉત્પાદક સંઘને બનાસડેરી સાથે જોડી દેવા છેલ્લા ગણા સમયથી હિલચાલ ચાલતી હતી. દરમિયાન જિલ્લા તેલીબીયાં સંઘના જવાબદારોએ તા. ૯ જાન્યુઆરી-૧૪ ના રોજ આ બંને સંસ્થાઓના જોડાણને પૂર્વ મંજૂરી આપવાનો હુકમ કર્યો હતો. જે હુકમની સામે નારાજ વડગામ તાલુકાની વડગામ, વરસડા, છાપી, વણસોલ અને નાંદોત્રા તેલીબીયાં મંડળીઓએ જિલ્લા તેલીબીયાં સંઘ અને બનાસડેરી સામે કૃષી અને સહકાર વિભાગના નાયબ સચિવ સમક્ષ અપીલ દાખલ કરી હતી. જે અપીલની સુનાવણી દરમિયાન અરજદાર મંડળીઓએ નાયબ સચિવ સમક્ષ રજુઆત કરી હતી.

જિલ્લા તેલીબીયાં સંઘ અને જિલ્લા દૂધ ઉત્પાદક સંઘની કામગીરીના ઉદ્દેશો તદન ભિન્ન છે. માટે જોડાણ થાય તો તે ખેડૂતોના હિતમાં નથી. એમ જણાવી દાદ માંગી હતી. જેથી કૃષિ અને સહકાર વિભાગના નાયબ સચિવ જે.કે. પટેલે જિલ્લા તેલીબીયાં સંઘને બનાસડેરી સાથે જોડાણ કરવાની પૂર્વ મંજુરીના હુકમને રદ કરતાં જિલ્લામાં સહકાર ક્ષેત્રમાં ભૂકંપ સર્જાયો છે.

ધી બનાસકાંઠા જિલ્લા તેલીબીયાં સંઘની મિલકતની રકમ સરકાર રૂ. ૩૦૦ કરોડ આંકી રહી છે. પરંતુ હાલમાં તેની બજાર કિંમત ૫૦૦ કરોડથી પણ વધુની છે. ત્યારે તેલીબીયાં સંઘ સાથે જિલ્લાની ૧૩૬ તેલીબીયાં સહકારી મંડળીઓ અને ૪૦ હજારથી વધુ સભાસદો જોડાયેલા છે.

૨૨ નવેમ્બરમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી બાદરપુર તેલીબીયા સંગના સંકુલમાં કરી બનાસડેરીના સત્તાધીસો ફાયદો ઉઠાવા માંગતા હતા જોકે બનાસડેરી અને તેલીબીયાં સંઘનું જોડાણ માત્ર પ્રાથમિક મંજુરી હોવાથી મંચ પર મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેલીબીયા સંઘનું જોડાણ પર કોઈપણ પ્રકારનું નિવેદન ના આપે તે માટે અગાઉથી જાણ કરવામાં આવી હતી. જો કે હાલમાં કૃષિ અને સહકાર વિભાગના નાયબ સચિવે હુકમ રદ કરતાં તેલીબીયાં સંઘ નિયામક જિલ્લા રજીસ્ટરને જાણ કરી પોલીસ બંદોબસ્ત સાથે બનાસડેરીના બિન અધિકૃત રીતે કબજો હટવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

અજાણી મહિલાનો મૃતદેહ મળ્યો

કલોલ, તા.૨૮

કલોલ તાલુકાના શેરીસા ગામે નર્મદા કેનાલના સર્વિસ રોડ નજીક બાવળની ઝાડીઓમાંથી એક અજાણી સ્ત્રીની લાશ તા. ૧૪મી માર્ચના રોજ મળેલ છે. મરનારના વાલીવારસ મળેલ ન હોઈ જે કોઈને આ અંગેની માહિતી હોય તો સાંતેજ પોલીસ સ્ટેશને સંપર્ક કરવા જણાવેલ છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

રક્તદાન મહાદાન

ટચૂકડી જાહેર ખબર
તંદુરસ્તી સાથે કમાવો
દરરોજ ૨ થી ૪ કલાક કામ કરો અને કમાવો. કોઈપણ આડઅસર વગર, તંદુરસ્ત રહો, કુવરપાઠુ (એલોવેરા) અને મધની પ્રોડક્ટ્સ વાપરીને...
વધુ માહિતી માટે સંપર્ક કરો
મો. : ૯૩૨૭૩ ૯૩૩૯૭
મો. : ૯૩૭૬૨ ૨૮૬૦૯